આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૨૩-૦૩-૨૦૨૪ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

---

## ચુંટણીપંચ-સોશિયલ મીડીયા

રાજ્યમાં યોજાનારી લોકસભાની ચૂંટણી અંતર્ગત સોશિયલ મીડિયામાં યુઝર્સ ખોટો પ્રચાર કે અફવા ન ફેલાવે તે માટે ચૂંટણી પંચ ખાસ નજર રાખી રહ્યું છે. ગાંધીનગર ખાતે 12 કર્મચારીઓ તમામ સોશિયલ મીડિયા પર નજર રાખી રહ્યા છે. જ્યારે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓના ટેકનોલોજીના જાણકાર વિદ્યાર્થીઓને પણ વોલેન્ટીયર તરીકે સાથે રાખીને આ અંગેની કામગીરી સોંપવામાં આવી છે. પંચે ખોટી જાણકારી વાળી પોસ્ટ વહેલી તકે દૂર થાય તે માટે પણ ટીમ તૈનાત કરી છે.

ચૂંટણી પંચે આ માટે સાયબર ક્રાઈમની પણ મદદ લીધી છે. રાજ્યમાં સોશિયલ મિડીયા પર અપપ્રચાર કે પછી અફવા ફેલાવતી પોસ્ટ સામે સાયબર ક્રાઈમ કડક કાર્યવાહી કરશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## હજયાત્રા-અંતિમ તારીખ લંબાઈ

ગુજરાત રાજ્ય હજ સમિતિએ પસંદગી પામેલા હજયાત્રીઓ માટે બાકી રહેલા હજ નાણાં ભરવા માટેની અંતિમ તારીખ 28 માર્ચ સુધી લંબાવી છે.

હજ કમિટી ઓફ ઇન્ડિયાના પરિપત્ર મુજબ ડ્રોમાં પસંદગી પામેલા હજ યાત્રીઓ માટે હાજી દીઠ એક લાખ 70 હજાર રૂપિયા તથા વેઇટિંગમાં પસંદગી પામેલા હજ યાત્રીઓ માટે બે લાખ 51 હજાર રૂપિયા બેન્કમાં જમા કરાવવાની અંતિમ તારીખ અગાઉ 18 માર્ચ હતી જે હવે 28 માર્ચ સુધી લંબાવવામાં આવી છે.

હજ કમિટી ઓફ ઇન્ડિયાના ખાતામાં ઓનલાઈન કે ઓફલાઈન માધ્યમથી આ રકમ ભરી શકાશે.

**(RNU અમદાવાદ)**

---

## ગુજકેટ પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા આગામી તા.૩૧મી માર્ચ-2024ના લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરીતી મુજબ પ્રતિબંધો ફરમાવ્યા છે.

તે મુજબ જિલ્લામાં આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તેમજ સંચાલકો જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યવસ્થા જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમિયાન ચોરીના દૂષણના ભોગ ન બન તે માટે પ્રતિબંધિત જાહેર કરાયા છે

**(માહિતી ખાતુ)**

---

## મતદાન જાગૃતી-સંકલ્પપત્ર

**જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કચ્છની કચેરીના માગદર્શનમાં જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા SVEEP નોડલ અધિકારી,કચ્છના માધ્યમથી જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના માધ્યમથી પરિવાર દીઠ સંકલ્પ પત્ર આપવામાં આવ્યા હતા.જેમાં જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ મળીને કુલ ૩ લાખ ૧૦ હજાર ૨૬૨ સંકલ્પ પત્રો દ્વારા મતદાન જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો છે.**

**સંકલ્પ પત્રો પરિવારની મહિલા મતદાર દ્વારા ભરવામાં આવે એ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે જેથી કરીને જિલ્લામાં મહિલા મતદાન પ્રત્યે જાગૃતિ આવે અને મહિલાઓમાં મતદાનનું પ્રમાણ વધારી શકાય.**

**(માહિતી ખાતુ)**

---

## આર.ટી.ઓ.ભુજ –ડ્રાઈવીંગ ટેસ્ટ

**પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી, કચ્છ-ભુજ ખાતે ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પર ટેકનિકલ ક્ષતિના કારણોસર ૨- વ્હીલર તેમજ ૪ – વ્હીલરની ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી તા.૨૬ અને તા.૨૭ માર્ચના રોજ બંધ રહેશે.**

**(માહિતી ખાતુ)**

---

## હોળી ઉજવણી-સ્વાસ્થય

રંગોના પર્વ હોળીની ઉજવણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે લોકોમાં રંગોના આ પર્વને લઈ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ તહેવાર દરમિયાન કેમિકલયુકત કલરના વપરાશના કારણે ચામડી અને વાળને નુકસાન થવાની ભિતી રહેતી હોય છે. ત્યારે ચામડી રોગના નિષ્ણાતોએ ત્વચાની સંભાળ રાખીને તેવી સલાહ આપી વિવિધ ઉપયોગી સુચન કર્યા છે. તે મુજબ પાણીનો ઉપયોગ ટાળી સુકા રંગોથી હોળી રમવા, અબીલગુલાલ હર્બલ કલરનો મહત્તમ ઉપયોગ કરવા, રંગથી આંખ અને વાળને બચાવવા,પાણી સતત પીતા રહેવા સહિતના મહત્વના સુચન કર્યા હતા.અને કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ બિલકુલ ટાળવો, શરીર પર રંગોને વધુ સમય ન રહેવા દેવા સહિતના મહત્વના સુચનો કરાયા છે.

**(NP/આરતી ભટ્ટ)**

---

# હવામાન વિભાગ-ગરમી

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સુધી કચ્છમાં ગરમીનું મોજુ ફરી વળશે તેવી આગાહી કરવામાં આવી છે. આ દિવસોમાં  મહત્તમ તાપમાનનો પારો 40 ડિગ્રી કે તેનાથી વધુ રહેવાની  સંભાવના વ્યક્ત કરાઈ છે.

**(NP/આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

RNU BHUJ